॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ

પ્રકાશન દર માસની ૫ તારીખે ● સળંગ અંક ૪૪૭ ● ફેબ્રુઆરી - ૨૦૨૩

રૂા. ૫-૦૦/-





श्री स्वामिनारायणो विजयतेतराम् ।

श्री स्वामिनारायण मंदिर भुज आयोजित





प.पू.ध.धु. १००८ आचार्य
श्री कौशलेन्द्रप्रसादजी महाराज



महंत स.गु.पु. स्वामी धर्मनंदनदासजी

# श्री नरनारायणदेव द्विशताब्दी महोत्सव-भुज

તા. ૧૮ થી ૨૬ એપ્રિલ - ૨૦૨૩
સંવત્ ૨૦૭૯
ચૈત્ર વદ-૧૩ થી વૈશાખ સુદ-૬

**"સર્વે સન્તુ નિરામયાઃ"ના ભાવથી કચ્છની જનતાને આરોગ્ય બક્ષનાર**

# શ્રી નરનારાયણદેવ
# મેગા મેડિકલ કેમ્પ

કેમ્પમાં આવનાર દર્દીઓના તમામ પ્રકારના રોગોની નિઃશુલ્ક નિદાન સાથે સારવાર કરવામાં આવશે. દરેક રોગોના નિષ્ણાંત કચ્છ અને અમદાવાદના ખ્યાતનામ ડોક્ટરોની ટીમ આ મેગા કેમ્પમાં સેવા આપશે.

| | | |
|---|---|---|
| ૧૨-૦૨-૨૦૨૩ | રવાપર | શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સત્સંગ સમાજ |
| ૨૬-૦૨-૨૦૨૩ | માંડવી | શ્રી સ્વામિનારાયણ હોસ્પિટલ પિયાવા |
| ૧૨-૦૩-૨૦૨૩ | અંજાર | શ્રી સ્વામિનારાયણ મંદિર |
| ૨૬-૦૩-૨૦૨૩ | રાપર | શ્રી સ્વામિનારાયણ મંદિર |
| ૦૯-૦૪-૨૦૨૩ | ભુજ | શ્રી સ્વામિનારાયણ મંદિર |

**વ્યવસ્થાક :- શ્રી સ્વામિનારાયણ હોસ્પિટલ, માંડવી - પિયાવા**

**આયોજક :- શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજ - કચ્છ**

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

॥ यावज्जीवं च शुश्रूषा कार्या ॥

॥ मानव सेवा प्रभु सेवा ॥

પૂર્વ સામયિક 'શ્રી સ્વામિનારાયણ સંદેશ'
કુલ્લ વર્ષ-૧૭, કુલ્લ અંક-૧૯૭

હાલે 'શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ'
વર્ષ-૨૩ ● અંક-૨ ● ફેબ્રુઆરી - ૨૦૨૩
વર્ષ-૪૦ ● સળંગ અંક - ૪૪૭

પ.પૂ.ધ.ધૂ. ૧૦૦૮ આચાર્ય શ્રી તેજેન્દ્રપ્રસાદજી
મહારાજશ્રીના શુભાશીર્વાદથી

-:: સંસ્થાપક ::-
અ.નિ.સ.ગુ.પુ.મહંત સ્વામી શ્રી હરિસ્વરૂપદાસજી

-:: માલિક ::-
શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજ-કચ્છ.

-:: તંત્રી ::-
શાસ્ત્રી સ્વામી ગોવિંદપ્રસાદદાસજી

-:: સહતંત્રી ::-
શાસ્ત્રી સ્વામી અક્ષરપ્રિયદાસજી ● સ્વામી પુરુષોત્તમપ્રિયદાસજી

-:: લવાજમ ::-
દેશમાં :- આજીવન સભ્ય રૂા. ૫૦૧/-
વાર્ષિક સભ્ય રૂા. ૫૧/-
વિદેશમાં :- આજીવન સભ્ય રૂા. ૬૦૦૧/-
વાર્ષિક સભ્ય રૂા.૧૦૦૧/-

-:: પ્રકાશક અને મુદ્રક ::-
સ.ગુ. મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીએ
શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજ-કચ્છ વતી
શ્રી નરનારાયણદેવ પ્રિન્ટીંગ
પ્રેસમાં છપાવી ભુજ-કચ્છથી પ્રીસિદ્ધ કર્યું



પત્ર વ્યવહાર અને લવાજમ સ્વીકારવાનું સ્થળ
શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ કાર્યાલય,
શ્રી સ્વામિનારાયણ મંદિર, શ્રી સ્વામિનારાયણ રોડ,
તીર્થધામ, ભુજ-કચ્છ. પીન : ૩૭૦ ૦૦૧
મો. ૭૫૬૭૬ ૦૪૦૦૦

E-mail : sandesh@swaminarayan.faith
E-mail : info@swaminarayan.faith
Website : www.swaminarayan.faith




ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ અને સત્સંગનો મહિમા ફેલાવતું સામયિક

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ





| | |
|---|---|
| ૦૧. તંત્રીની કલમે... | ૦૪ |
| ૦૨. શિક્ષાપત્રી | ૦૫ |
| **સત્સંગ સમાચાર - દેશ** | |
| ૦૩. ભુજ મંદિરે મહાપૂજા-મહાઅનુષ્ઠાન | ૦૭ |
| ૦૪. શ્રી ઘનશ્યામ બાલ - બાલિકા મંડળ - ભુજ | ૦૮ |
| ૦૫. સાયકલ યાત્રા | ૦૯ |
| ૦૬. ભારત સત્સંગ વિચરણ સહ યાત્રા સમાપન | ૧૧ |
| ૦૭. જિલ્લા કક્ષાના ગણિત, વિજ્ઞાન અને પર્યાવરણ પ્રદર્શનમાં પ્રથમ ક્રમાંક | ૧૧ |
| ૦૮. શ્રી સ્વામિનારાયણ મંદિર ભુજ સંચાલિત ગાય આધારિત ખેતી અભિયાન | ૧૨ |
| ૦૯. દિવ્ય શાકોત્સવ - અંજાર | ૧૩ |
| ૧૦. શ્રીમદ્ ભાગવત કથા પારાયણ | ૧૩ |
| ૧૧. શ્રી સ્વામિનારાયણ સત્સંગ ભવન નડિઆદ-મંજીપુરા | ૧૪ |
| ૧૨. ધનુર્માસની ઉજવણી પ્રસંગે પારાયણ - નિંગાળ | ૧૬ |
| ૧૩. ગરિબોને ભોજન તથા વસ્ત્ર દાન - કેન્જોરગઢ (ઓરિસ્સા ) | ૧૬ |
| ૧૪. આર્મી વેલફેરમાં આપેલ અનુદાન અન્વયે | ૧૬ |
| **સત્સંગ સમાચાર - વિદેશ** | |
| ૧૫. શ્રી ટાંઝાનિયા સ્વામિનારાયણ મંદિર - દારેસલામનો ૬૪મો વાર્ષિક પાટોત્સવ | ૧૭ |
| ૧૬. કેરુગોયા (કેન્યા)માં ચતુર્થ પાટોત્સવની ઉજવણી | ૧૯ |
| ૧૭. દસમો વાર્ષિક પાટોત્સવ - સિડની | ૨૨ |
| ૧૮. અસ્મિતા પર્વ - પર્થ ઓસ્ટ્રેલીયા | ૨૪ |
| ૧૯. શ્રીઘનશ્યામ નવધાભક્તિ મહોત્સવ - એડિલેડ, ઓસ્ટ્રેલિયા | ૨૭ |
| ૨૦. શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશને મળેલ ભેટની યાદી | ૨૭ |

# તંત્રીની કલમે...

હમણાં ઠંડીનું પ્રમાણ કેમ વધી રહ્યું છે ? માર્મિક ઉત્તર સાપડ્યો, ‘માનવીય સંબંધોમાં પરસ્પર હૂંફ ઘટી રહી છે તેથી ઠંડી તો વધે જ ને ?’ ભૌતિક સુખની ભ્રમણામાં શાંતિ શોધતા લોકોની વાત અહીં પ્રતિબિંબિત થાય છે. આજે માનવી માનવી વચ્ચેનું અંતર વધતું જાય છે કારણ કે અંતરમાં લાગણી ઘટતી જાય છે. પહેલાના લોકો લોટ જેવા હતા જેમાં લાગણીનું પાણી પડતાં એકબીજા સાથે બંધાઈ જતા. આજે પરિસ્થિતિ અલગ છે આજે લોકો રેતી જેવા થઈ ગયા છે. ગમે તેટલું લાગણીનું પાણી રેડો બંધાતા જ નથી! સ્વાર્થની ચાસણીનું શરબત નાખો તો સ્વાર્થ સધાય ત્યાં સુધી ભેગા રહેશે પછી અલગ ના અલગ! આનું કારણ શું ? સંબંધોમાં શુષ્કતા અને સંવેદનાનો અભાવ સંવેદનશીલતાનો એટલો અભાવ છે કે લોકો અપનત્વ અને જીવનનો આનંદ ગુમાવતા જાય છે. અને તેનું કારણ એ જ છે કે લોકો આધ્યાત્મને વિસારી ભૌતિકતા તરફ આકર્ષિત થતા જાય છે.

શ્રીજી મહારાજે માનવ જન્મ આપ્યો છે તેનો ભરપૂર આનંદ માણવો જોઈએ. પણ આપણે શું કરીએ છીએ ? ઈર્ષા, અદેખાઈ, લોલુપતા, સ્વાર્થ, દેખાદેખી, મિથ્યાભિમાન, અનીતિના વમળામાં ફસાઈને પોતાના અસ્તિત્વને છિન્ન ભિન્ન કરી નાખ્યું છે. પોતાના અસ્તિત્વનો આનંદ પણ નથી લઈ શકતા.


આંખો બંધ કરી પોતાને પ્રિય એવા પાંચ નામ યાદ કરો. જુઓ તો તેમાં તમારું પોતાનું નામ છે? તેમાં ભગવાનનું નામ છે? મોટા ભાગના લોકો નો જવાબ ‘ના’ હશે. જે પોતાનું અસ્તિત્વ યાદ નથી કરતા, જે પોતાને પ્રેમ નથી કરતા તેની પાસે અન્ય માટે પ્રેમની અપેક્ષા કેમ રખાય? જેને ભગવાન પ્રિય નથી તેને બીજા ક્યાંથી પ્રિય હોય? જો પોતાની જાતને અને ભગવાનને પ્રેમ કરીએ તો જ જીવનનો આનંદ માણી શકાય. જીવનમાં એખલાસ અને આત્મીય લોકોનો અભાવ સાલતો હોય તો શ્રી સ્વામિનારાયણ ભગવાનનું શરણ સ્વીકારો, સાચા સંતોનો સમાગમ કરો, સત્સંગની પ્રવૃત્તિઓમાં પ્રવૃત્ત થાઓ.પછી જુઓ જીવનમાં આનંદનો અભાવ નહીં સાલે. એક બીજાને નિઃસ્વાર્થ ભાવે પ્રેમપૂર્વક નિખાલસતાથી મળો. શરુ શરુમાં થોડું નહીં ફાવે, પરંતુ પછી પ્રેમનો પ્રાદુર્ભાવ થશે અને સ્નેહની સરવાણી ફૂટશે. એક શાયરે લખ્યું છે,

‘દિલસે મિલનેકી તમન્ના હી નહીં જબ દિલમેં,
હાથસે હાથ મિલાને કી જરૂરત ક્યા હૈ?’

એવું ન વિચારો પણ હાથ મિલાવવાને બદલે સીધા ભેટી જ પડો, દિલ સે લગાલો પ્રેમનો. પડઘો અવશ્ય પડશે. આપણી સંસ્કૃતિ અને આપણો સંપ્રદાય ઉત્સવપ્રિય છે. ઉત્સવો ઉજવો, ઉત્સવોમાં ઉમળકાભેર ઉત્સાહથી ભાગ લ્યો, લોકોને મળો, સંબંધો દઢ કરો, આત્મીયતાનો આવિર્ભાવ થશે. હૂંફ પ્રાપ્ત થશે. અપનત્વના આનંદનો અહેસાસ થશે. જીવનમાંથી નિરાશા અને શુષ્કતા ખંખેરાઈ જશે. જીવન જીવવા જેવું લાગશે.

ઉત્સવો જીવન જીવવાની કળા શીખવે છે. સંપ, એકતા, આનંદ, એખલાસ અને આત્મીયતાની અનુભૂતિ કરાવે છે. ખૂબ નજીકના ભવિષ્યમાં શ્રી નરનારાયણદેવ દ્વિશતાબ્દી મહોત્સવ ચરમસીમાએ પહોંચશે. તેમાં ભાગ લેવાના સંકલ્પોને દઢ કરો. હોંશ અને ઉમંગને જાગૃત કરો. ઉમળકાભેર હર્ષોલ્લાસથી ઉત્સવમાં તન મનથી જોડાઈ જાવ અને જીવનને ધન્ય બનાવો. ઈષ્ટદેવ શ્રી નરનારાયણદેવ સૌને સુખ્યા કરે છે આજે આપણે જે કાંઈ છીએ તે તેમની કૃપા છે તો તેમના ઉત્સવમાં પાછીપાની કેમ કરાય? સપરિવાર ઉત્સવનો આનંદ માણો અને મિત્ર પરિવાર અને સગા સંબંધી સહિત સૌને ઉત્સવમાં ભાગ લેવા પ્રોત્સાહિત કરો આવી સુવર્ણ તક જીવનમાં ફરી નહીં આવે.

જય શ્રી સ્વામિનારાયણ



# શિક્ષાપત્રી

- હિંમતભાઈ ઠક્કર - રઘુવંશી

**શ્લોક : ૭૪**

"પૂર્વૈર્મહદ્ભિરપિ યદધર્માચરણં ક્વચિત્ ।
કૃતં સ્યાત્તત્તુ ન ગ્રાહ્યં ગ્રાહ્યો ધર્મસ્તુ તત્કૃતઃ ॥

"સર્વે મારા આશ્રિતો તો હોય તેમણે પૂર્વે થઈ ગયેલા મહાપુરુષોએ પણ જો ક્યારેક કાંઈ અધર્માચરણ કર્યું હોય તો તેનું ગ્રહણ કરવું નહીં અને તે મહાપુરુષોએ જે ધર્માચરણ કર્યું હોય તેનું ગ્રહણ કરવું".

શતાનંદ સ્વામી આ શ્લોકની વિવેચના કરતાં જણાવે છે કે પૂર્વ કાળે થઈ ગયેલા અને તપ, યોગ, ઐશ્વર્ય ઈત્યાદિક ગ્રહણે કરીને પ્રસિદ્ધ એવા બ્રહ્માદિક શિષ્યપુરુષોએ પણ કામાતુર થઈને પોતાની જ પુત્રીની પાછળ દોડવું, એ આદિક અધર્માચરણ ક્યારેક કર્યું હોય ને તેનું અનુકરણ કરવું નહીં. પણ એમના વચનોને અનુસરવું વચનને અનુસરવાથી કલ્યાણ થાય છે. મહાપુરુષોના વચનો કલ્યાણકારી હોય છે, પણ આચરણો તો કાંઈક જ કલ્યાણકારી હોય, માટે મહાપુરુષોના જે પવિત્ર આચરણો હોય એ કલ્યાણકારી હોય છે તેનું અનુસરણ કરવું.

"પુરુષ માત્ર હોય ભૂલને પાત્ર,
શિષ્યે બનવું વચન બદ્ધ છાત્ર,
જેનું જેવું કર્મ તે જ ભોગવે સજા,
સત્સંગીએ તો સત્કર્મ કરવાં સદા."

જેવી રીતે સમુદ્રમાંથી ઉત્પન્ન થયેલા ઝેરને મહાદેવજી પી ગયા. મહાદેવજી પોતે સમર્થ હોવાથી એ ઝેરને પોતાની યોગશક્તિથી કંઠમાં જ સુકાવી દીધું. શું સામાન્ય માનવી આવું અનુસરણ કરી ઝેરને પચાવી શકે ખરો? માટે સાવધાન! શાસ્ત્રોમાં આત્મહત્યા મહાપાપ મનાય છે. અતિ મહાન હરિભક્ત, સાધુ, સંત કે પ્રભુ પ્રેમીને પણ પોતાની અસલિયતને છોડી નકલિયત અપનાવવાની સહજાનંદ સ્વામીની રજા મંદી નથી.

"નકલ કો અકકલ કભી નહીં હોતી,
શુદ્ધ અકલ કભી નકલી નહીં હોતી,
શિષ્યકો તો અપના ઉત્કર્ષ કરના હૈ,
ઉસે કહાં નકલ કરકે ખુદ કો ફસાના હૈ."

આ અસલિયત અને નકલીયત કાર્મિક પ્રવૃત્તિઓથી કલિયુગી માનવ કાંઈક અજાણ અને અજ્ઞાની તો ન જ હોય. માટે આવા જાણકાર માનવને પુરાણકાળના ઉત્તમ અને અદ્ભુત ઉદાહરણો પણ જાણી લેવા જેવા છે. જેથી એના મન, બુદ્ધિ, ચિત્ત વધુ શુદ્ધ થાય અને અભિમાનની પકડ ઢીલી પડે.

એક વખત શંકરાચાર્યજી પોતાના શિષ્યોની સાથે ભિક્ષા માંગવા નીકળ્યા હતા તે વખતે શિષ્યોની પરીક્ષા સારું એક દારૂની ભઠ્ઠી વાળા પાસે ભિક્ષાં દેહીની ટહેલ નાખી. તેની પાસે આપવા જેવું બીજું કાંઈ ન હતું એટલે તેણે પ્રેમપૂર્વક ને અતિ ભાવથી શંકરાચાર્યજીના ભિક્ષાપાત્રમાં તાજો તાજો દારૂ રેડી દીધો... ! શંકરાચાર્યજી તો તે જ વખતે શિષ્યોના દેખતાં જ પ્રેમભાવતી તાજો દારૂ ગટગટાવી ગયા.

શિષ્યોના ઝૂંડમાં કેટલાક નકલની વૃતિવાળા શિષ્યો તો આનંદમાં જ આવી ગયા અને ગુરુએ કર્યું તેવું આચરણ કરવા તત્પર થઈ ગયા. બરોબર તે જ વખતે ગુરુ શંકરાચાર્યજીએ શિષ્યોને તેમની નકલ કરતાં અટકાવ્યા.....!

"દાતા પાસે જે હોય તે તે જ આપેને,
જ્યાં મંદ અકકલ ભિક્ષુક હોય ત્યાં,
દાતાનો શું વાંક? ભિક્ષાપાત્રનાં
મોભાને શોભે ત્યાં જ તે ધરાય."

સદા સર્વદા સદ્‌ગુરુના સૈદ્ધાંતિક શિક્ષણ વિશિષ્ટ હોય. તાલીમ તો શિષ્યે જ લેવાની છે ને.

વળી, ગુરુ સાથે શિષ્યો આગળ ચાલ્યા ત્યાં શંકરાચાર્યજીએ સીસાનો રસ ગાળનાર પાસે ભિક્ષા દેહી ટહેલ નાખી. સિસુંગાળ નારાએ પણ કડકડતું સિસું રેડિયું ભિક્ષાપાત્રમાં....! શંકરાચાર્યજીએ તો તરત યોગબળના સહારે સિસું પી પણ ગયા ને પચાવીને ઓડકાર પણ કર્યો. હવે નકલિયતના પ્રેમી શિષ્યો આકળવિકળ થઈ ગયા. ક્યાં તંદ્રામાં ગરકાવ કરતો મસ્ત મસ્ત દારૂ અને ક્યાં બળ બળતું સિસું. માટે ગુરુનું વચન પળાય પણ તેની નકલ ન થાય. સદગુરુ એટલે જ તો શિષ્યોની અબુધતાને દૂર કરીને તેમના મન બુદ્ધિને શુદ્ધ કરવા અનેક પ્રકારની યુક્તિઓ અપનાવ્યા કરતા હોય.

"સમર્થ સદગુરુના શૈક્ષણિક,
કર્મની અંધાધૂંધ નકલ થાય?
તેમના બોધનો પદાર્થ પાઠ લેવાય,
શિષ્યથી તો અસલી થવાય."

મહાપુરુષના અયોગ્ય આચરણમાં પણ કાંઈક ને કાંઈક રહસ્ય છુપાયેલાં હોય છે. જેમ કે પરાશર મહર્ષિ મત્સ્ય ગંધા નામે એક પત્ની સાથે વિહાર કર્યો. ને પરાશર મહર્ષિના એ કર્મથી મત્સ્યગંધા થકી ભગવાન વ્યાસજીની ઉત્પત્તિ થઈ. આ રીતે મહાપુરુષોના નિંદિત કર્મોમાં પણ ગૂઢ રહસ્ય છુપાયેલાં હોય છે. એ આપણે જાણી શકતા નથી.

અને વળી આપણા સંપ્રદાયના ઈતિહાસમાં એવું સાંભળવા મળે છે કે ચૈતન્યાનંદ સ્વામી માનના કારણે સત્સંગમાંથી નીકળીને ચાલ્યા ગયા. આ વાત સાંભળીને આપણા મનમાં એમ થાય કે માનના પરાભાવના કારણે ચૈતન્યાનંદ સ્વામી પણ સત્સંગમાં રહી શક્યા નહીં. ચૈતન્યાનંદ સ્વામી જેવા મહાન સમર્થને પણ માન થકી પરાભવ થયો. આમ ઉપરની દ્રષ્ટિથી થોડું નિંદિત જેવું લાગે, પણ આ કિસ્સામાં તે ઈશ્વરની જ પ્રેરણા હતી. ઈશ્વરને ચૈતન્યાનંદ સ્વામી દ્વારા કુશળ કુંવરબાઈને પોતાના સ્વરૂપનું જ્ઞાન આપીને મોક્ષ ગતિ આપવાની હતી. કુશળ કુંવરબાઈનો મોક્ષનો સમય નજીક આવેલો હતો જ્યારે મોક્ષનો સમય નજીક આવેલો હોય ત્યારે કોઈ પણ મહાપુરુષના યોગ અકલ્પ્ય રીતે થાય છે અને મહાપુરુષના યોગથી ઈશ્વરમાં ભક્તિ પણ ઉત્પન્ન થાય છે. આ રીતે ચૈતન્યાનંદ સ્વામી માનને લીધે ગઢપુરથી શ્રીજી મહારાજને છોડીને ચાલ્યા ગયા તેમાં પણ કુશળ કુંવરબાઈને ઈશ્વરના સ્વરૂપનું જ્ઞાન આપવા રૂપ ગૂઢ રહસ્ય છુપાયેલું હતું માટે કોઈ પણ મહાપુરુષનું અધર્મ જેવું લાગતું આચરણ જણાય તો એ આચરણ ને કદી પણ અનુસરવું નહીં ને મહાપુરુષના એ અધર્મ જેવા આચરણ સાંભળીને નિંદા પણ ક્યારેય કરવી નહીં.

આ શ્લોક દ્વારા મળી રહેલા આ દિવ્ય જ્ઞાનને આપણા મન બુદ્ધિમાં દ્રઢ કરવા શ્રી મહાભારતનું એક પ્રમાણરૂપ ઉદાહરણ પણ જાણી લઈએ.

"કૃતાનિ યાનિ કર્માણિ દેવતૈર્મુનિભિસ્તથા ।
નાચરેત્તાનિ ધર્માત્મા શ્રૃત્વાચાપિ ન કુત્સયેત ॥"

પરમોચ્ચ કૃપાપાત્ર ભીષ્મપિતામમહે પ્રબોધ્યું છે કે કોઈ દેવતાઓએ તથા મુનિઓએ કરેલા અયોગ્ય આચરણનું અનુસરણ ધર્માત્મા પુરુષોએ કરવું નહીં અને તેમના અયોગ્યાચરણને જોઈ સાંભળીને દેવતાઓની અને મુનિઓની નિંદા પણ કરવી નહીં. તેમના અયોગ્ય આચરણમાં પણ કાંઈક ને કાંઈક ગુપ્ત રહસ્ય છુપાયેલા હોય છે.

માટે આ શ્લોક દ્વારા શ્રી હરિ પ્રત્યેક સત્સંગીને અને ધર્માચરણ પ્રેમીઓને તેમના દ્વારા થતા નવા અને તેમના વર્તમાનન જન્મનાં પ્રત્યેક કર્મને શાસ્ત્રબદ્ધ, ગુરુ ગ્રહિત જાણી દેવતાઓ અને ઉત્તમ પુરાણાધારિત મહાન અને આદર્શ વ્યક્તિઓને પૂર્ણ શ્રદ્ધા અને દ્રઢ વિશ્વાસથી સ્વીકારી તેમના કર્મને વર્તમાન જન્મમાં પણ ઉત્તમ ઉત્તમ કરતા જાય તેવી શુભ ભાવના અને પ્રેમાદેશ આપેલ છે.

"શાસ્ત્રોને સદગુરુઓના વચનો સર્વદા,
વિજળીક સબાંકા જ સર્જે છે,
અલ્પ ઝલ્પ ઝબકારમાંજ જો,
પરોવાઇ જાય સોયમાં દોરો, બેડો પાર છે"

# સત્સંગ સમાચાર - દેશ
# ભુજ મંદિરે મહાપૂજા-મહાઅનુષ્ઠાન



ભક્તો પોતાના ઈષ્ટદેવનું નિષ્ઠાપૂર્વક પૂજન અર્ચન કરી ભક્તિમાં દૃઢતા લાવવા અને શ્રીહરિને પ્રસન્નતાર્થે પૂરા ભાવ સાથે પૂજા કરતા હોય છે. શ્રી નરનારાયણદેવ દ્વિશતાબ્દી મહોત્સવના ઉપક્રમે આપણા ભુજ મંદિરમાં મહાપૂજાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. આપણા સંપ્રદાયમાં મહાપૂજા વર્ષોથી ઘણા સ્થાને થાય છે પરંતુ મહાપૂજા મંત્ર 'નમોડવતારિણે સ્વામિનારાયણાય' તેમનું અનુષ્ઠાન સંપ્રદાયમાં સૌપ્રથમવાર ભુજ મંદિરમાં થઈ રહ્યું છે.

મોટી સંખ્યામાં હરિભક્તો આ વિશિષ્ટ મહાપૂજા આયોજનમાં ભાગ લઈને ધન્યતા અનુભવી રહ્યા છે. આ મહાપૂજાનો મંગલમય પ્રારંભ તારીખ ૦૬-૦૧-૨૦૨૩ થી થયો છે. ૬૦ દિવસ સુધી ચાલનાર આ મહાપૂજાની પૂર્ણાઓથી તારીખ ૦૬-૦૩-૨૦૨૩ ના રોજ થશે.

દરરોજ શણગાર આરતી બાદ શરૂ થતી આ મહાપૂજામાં ગામો ગામના હરિભક્તો જોડાઈને ધૂન કીર્તન ભજન બોલીને આ મહાપૂજાનો આનંદ અનુભવ સાથે લઈ રહ્યા છે. ૨૦૦થી વધુ સંખ્યામાં દરરોજ થતી મહાપૂજાનું અલૌકિક દૃશ્ય ભક્તિભાવનું અજોડ પ્રદર્શન કરે છે.








**આ મહાપૂજાનો નિત્ય ક્રમ આ મુજબ છે.**

- ★ સવારે ૭:૩૦ વાગ્યે પ્રારંભ
- ★ ૧૧:૧૫ વાગ્યે ૧૫ મિનિટ ફ્રુટનો પ્રસાદ
- ★ ૧૨:૦૦ વાગ્યે મંત્ર અનુષ્ટાન શરૂ
- ★ ૩:૦૦ વાગ્યે મંત્ર અનુષ્ઠાન વિરામ
- ★ ૩:૦૦ થી ૩:૩૦ ક્ષમા પ્રાર્થના
- ★ ૩:૩૦ થી ૪:૦૦ વિસર્જન
- ★ ૪:૦૦ ભોજન પ્રસાદ

**નોંધ :**

૧. પૂજામાં બેસનાર હરિભક્તોએ સ્નાન કરી, ધોયેલા સ્વચ્છ વસ્ત્રો પહેરીને આવવું.
૨. ધોતી-સાલ અને પૂજાની સામગ્રી મંદિરમાંથી આપવામાં આવશે.
3. ફક્ત તુલસી પત્રો અને દક્ષિણા, માળા સાથે લાવવા.

**-: ખાસ નોંધ :-**

- ભારતમાં વસતા હરિભક્તોએ મહાપૂજામાં બેસવાનો લાભ અત્યારે જ વહેલી તકે લઈ લેવો.
- ઉત્સવ દરમિયાન માત્ર વિદેશથી આવેલા હરિભક્તો જ મહાપૂજાનો લાભ લઈ શકશે.

## શ્રી ઘનશ્યામ બાલ - બાલિકા મંડળ - ભુજ

ભુજ મંદિર સંચાલિત શ્રી ઘનશ્યામ બાલ - બાલિકા મંડળની પ્રવૃત્તિઓ દેશ-વિદેશના દરેક મંદિરોમાં ચાલે છે. ભુજ ચોવીસી ગામોમાં દરરોજ બાલકો- બાલિકાઓ સંધ્યા આરતી દરમિયાન ૧ કલાક ભેળા મળી આરતીથી માંડી થાળ, કીર્તન, વાર્તા, ધૂન સુવિચારો વિગેરેનું ગાયન કરે છે. સંચાલકો દ્વારા માર્ગ દર્શન મળતું રહે છે.

ભુજ મંદિરમાં દર રવિવારે સવારે ૯:૦૦ થી ૧૧ દરમિયાન સભામંડપમાં બાલ સભા થાય છે. સંચાલકો સંતો તથા યુવાનો બાળકોને પ્રાર્થનાઓ શ્રી ઘનશ્યામની બાળવાર્તાઓ, મોટા સંતો, ભક્તોના જીવન વિશેના પ્રસંગો દ્વારા કેમ બાળકોમાં સારા સંસ્કારોનું સિંચન થાય એવા પ્રયત્નો કરવામાં આવે છે. ક્યારેક સત્સંગ પ્રવાસો દ્વારા, રમતગમત દ્વારા, કીર્તન વાર્તા સ્પર્ધાઓ દ્વારા મનોરંજન પિરસવામાં આવે છે.

બાળકના જન્મ દિવસે વિશેષ પ્રાર્થના, સંતોના આશીર્વાદ અને સંતો દ્વારા ઈનામ આપવામાં આવે છે. આપ ભુજ શહેરમાં રહો છો તો આપના બાલકોને મંદિરમાં થતી બાલ સભામાં અવશ્ય મૂકો અને આપણા મંદિરમાં મુકેલા બાળકો સુસંસ્કારિત થઈ, દેશભક્તિ સાથે ભગવાનનો ભક્ત અને માતૃપિતૃ ભક્ત પણ થશે અને જીવનમાં આગળ વધશે.

અહેવાલ : સ્વામી રામાનુજદાસજી














# સાયકલ યાત્રા

શ્રી નરનારાયણદેવ દ્વિશતાબ્દી મહોત્સવના ઉપક્રમે પૂજ્ય મહંત સ્વામીજની આજ્ઞા અને આશીર્વાદથી સાઈકલ યાત્રાનું આયોજન કરાયું.

તારીખ ૧૫-૦૧-૨૦૨૩ રવિવારે પોષ વદ-૮ ના શ્રી સ્વામિનારાયણ ભગવાન દ્વારા નિર્મિત શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર અમદાવાદમાં બિરાજમાન શ્રી નરનારાયણદેવના ચરણારવિંદમાંથી પૂ. લાલજી મહારાજ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજ, કોઠારી પાર્ષદ જાદવજી ભગત, કાળુપુર મંદિરના મહંત શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજી, કોઠારી સ્વામી દેવપ્રકાશદાસજી, યુવક મંડળના વડીલ સંતો સ્વામી પરમહંસદાસજી, સ્વામી મુક્તવલ્લભદાસજી, સ્વામી અક્ષરપ્રિયદાસજી, સ્વામી ગોલોક વિહારીદાસજી, સ્વામી દેવચરણદાસજી આદિની ઉપસ્થિતિમાં શ્રી નરનારાયણદેવની શણગાર આરતી બાદ ૮ કલાકે ૨૦૦ યુવાનોને સાયકલ સાથે યાત્રાનો આરંભ કરાવાયો હતો.

પ્રારંભના દિવસે જ સાયકલ યાત્રા સાંજના સમયે ૧૨૫ કિલોમીટર પંથ કાપી ધ્રાંગધ્રા પહોંચ્યા હતા. રાત્રી રોકાણ બાદ બીજા દિવસે સવારે નિત્ય નિયમ કરી યાત્રાનો પ્રારંભ કરી સાંજના સમયે શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયનો પ્રથમ ગ્રંથ યમદંડ લખાયેલો છે એવી પ્રસાદીક ભૂમિ આધોઈ પહોંચ્યા ત્યાં મંદિરમાં દર્શન કરી નિત્ય નિયમ સાથે ઠાકોરજીનો પ્રસાદ લઈ રાત્રી રોકાણ કર્યું. સાયકલ યાત્રાના તૃતીય દિવસે સવારે નિત્ય નિયમ ઠાકોરજીના દર્શન કરી અલ્પાહાર કરી સાંજના સમયે ગામ માધાપર પહોંચ્યા ત્યાં મંદિરમાં ભગવાનના દર્શન કરી મંદિરના પટાંગણમાં સંતો દ્વારા સાયકલ યાત્રામાં જોડાયેલા યુવાનો રાત્રે સત્સંગનો લાભ લીધો હતો.

ચોથો દિવસે એટલે પોષ વદ-૧૧ બુધવાર તા ૧૮-૦૧-૨૦૨૩ ના દિવસે માધાપરથી યાત્રા પ્રારંભ કરી તીર્થધામ ભુજમાં પ્રસાદી મંદિરમાં ઠાકોરજીના દર્શન કરી, સંતો દ્વારા સાયકલ યાત્રામાં રહેલા ઠાકોરજીના પૂજન બાદ યુવાનોએ હમીરસરોવરની પરિક્રમા કરી મુખ્ય મંદિરમાં બિરાજમાન શ્રી નરનારાયણદેવના ચરણમાં સાયકલ યાત્રા સમાપ્ત કરી હતી.










અમદાવાદથી સાયકલ યાત્રા પરત થઈ ત્યારે સદ્‌ગુરુ સ્વામી મુકુંદજીવનદાસજી, સદ્‌ગુરુ સ્વામી જગત્પાવનદાસજી, સદ્‌ગુરુ સ્વામી સનાતનદાસજી, કોઠારી પાર્ષદ જાદવજી ભગત આદિ સંતો દ્વારા યુવાનોને પુષ્પમાળા પહેરાવી સ્વાગત કર્યું હતું. બાદમાં મંદિરના પટાંગણમાં જ યુવાનોને સંતોએ અંતરના રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા.


સાયકલ યાત્રાની સંપૂર્ણ જવાબદારી પૂજ્ય મહંત સ્વામીની આજ્ઞાથી કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક યુવતી મંડળ સંચાલક સંત સમિતિએ સંભાળી હતી એ પૈકી સ્વામી ભક્તિપ્રકાશદાસજી, સ્વામી કપિલમુનિદાસજી, સ્વામી સુવ્રતમુનિદાસજી, સ્વામી ભજનપ્રકાશદાસજી, સ્વામી રામપ્રિયદાસજી, સ્વામી વિવેકસાગરદાસજી આદિ સંતો સાયકલ યાત્રામાં જોડાયા હતા સાથે સાઈકલ યાત્રામાં જોડાયેલા યુવાનોની સાથે રહીને સત્સંગની બળ ભરી વાતો કરી હિંમત આપી હતી.

આ શ્રી નરનારાયણદેવની કૃપાથી પૂજ્ય મહંત સ્વામીના આશીર્વાદથી અને સંતોના માર્ગદર્શન અને સેવા રથ દ્વારા સાથ સહકાર ૪ દિવસની ૩૪૫ કિલોમીટર અંતરની અલૌકિક ઐતિહાસિક સાઈકલ યાત્રા નિર્વિઘ્ન પૂર્ણ થઈ.

સ્વામી ભક્તિપ્રકાશદાસજી













## ભારત સત્સંગ વિચરણ સહ યાત્રા સમાપન

ભુજ મંદિરની ૪૧ વર્ષની પરંપરા મુજબ કચ્છના સત્સંગી પરિવાર ભારતના કોઈપણ રાજ્યમાં રહેતા હોય તો વર્ષમાં એક વાર એમના સુધી પહોંચવું અને સત્સંગ કથા વાર્તા દ્વારા પોષણ કરવું. એના અનુસંધાને દર વર્ષ મુજબ આ વર્ષે સદ્‌ગુરુ સ્વામી બાલકૃષ્ણદાસજીના મંડળના સંતો સ્વામી અક્ષરપ્રિયદાસજી, સ્વામી સુવ્રતમુનિદાસજી, સ્વામી રામપ્રિયદાસજી, સ્વામી રાઘવમુનિદાસજી, સ્વામી મહામુનિદાસજી, પાર્ષદ નારણ ભગત, પાળા યોગેશ ભગત અને દિવ્યેશ ભગત સાથે પ.ભ. જેઠાભાઈ વરસાણી કોડકી અને ડ્રાઈવર પ.ભ. વાલજીભાઈ ભુડિયા સુખપર આટલા સંતો પાર્ષદો ભક્તો તારીખ ૧૧-૦૮-૨૦૨૨ ના ભુજ થી શ્રી નરનારાયણદેવનાં દર્શન અને સંતોના આશીર્વાદ લઇ નીકળ્યા હતા. સંપૂર્ણ ભારત એટલે રાજસ્થાન, ઉત્તરાખંડ, દિલ્હી, હરિયાણા, પંજાબ, ઉત્તરપ્રદેશ, નેપાળ, બિહાર, ઝારખંડ, પશ્ચિમ બંગાળ, ઓરિસ્સા, તેલંગાણા, આંધ્રપ્રદેશ, કેરલા, તમિલનાળુ, કર્ણાટક, ગોવા, મહારાષ્ટ્ર મધ્યપ્રદેશ, આ દરેક રાજ્યમાં રહેતા હરિભક્તોને સત્સંગ કથા વાર્તાનો લાભ સાથે નજીકના તીર્થોના દર્શન કરતાં તારીખ ૨૦-૦૧-૨૦૨૩ ના રોજ લગભગ ૩૦ હજાર કિલોમીટરનું અંતર કાપી ભુજ શ્રી નરનારાયણદેવના ચરણોમાં ૧૬૧ દિવસની યાત્રા પૂર્ણ કરી પરત આવી ગયા છે. ભગવાન શ્રી નરનારાયણદેવની કૃપા અને વડીલ સંતોના આશીર્વાદથી કોઈ પણ જાતની તકલીફ વિના યથાશક્તિ હરિભક્તોને કથા વાર્તાથી રાજી કરી જીવનમાં પ્રેરણા લઈને કેવા પ્રદેશોમાં એક કે બે પરિવાર રહેતા હોય છતાં ધર્મ નિયમ, ભુજ શ્રી નરનારાયણદેવની દૃઢ નિષ્ઠા રાખી પોતાના ઘરને મંદિર બનાવી સત્સંગ જાળવી રાખે છે.

દરેક રાજ્યોમાં રહેતા ભક્તોને ધર્મ નિયમ, પરિવાર સાથે મળી ઘર સત્સંગ સભાનું વાંચન, પરિવારમાં સંપ સાથે વ્યવસાયમાં સ્થિરતા અને ચડતી રાખે એવી ભગવાન શ્રી નરનારાયણદેવને સૌ સંતો પ્રાર્થના કરે છે.

## જિલ્લા કક્ષાના ગણિત, વિજ્ઞાન અને પર્યાવરણ પ્રદર્શનમાં પ્રથમ ક્રમાંક

શ્રી સ્વામિનારાયણ મંદિર ભુજ સંચાલિત શ્રી નરનારાયણદેવ ગર્લ્સ એકેડેમીની વિદ્યાર્થીનીઓ જાડેજા ગોપીબા મંગલસિંહ, સોઢા અવનીબા જીતુભા, માર્ગદર્શક શિક્ષક ચિખલીયા દિવ્યા

જિલ્લા કક્ષાના ગણિત, વિજ્ઞાન અને પર્યાવરણ પ્રદર્શન-૨૦૨૨-૨૩માં વિભાગ -૩ સ્વાસ્થ્ય અને સ્વચ્છતા વિભાગ અંતર્ગત સંજીવની પ્રોજેક્ટમાં પ્રથમ ક્રમાંક મેળવી આગામી ૧૬/૧/૨૩થી ૨૦/૧/૨૩સુધી ભાવનગર મુકામે ઝોન કક્ષાના ગણિત-વિજ્ઞાન અને પર્યાવરણ પ્રદર્શન ૨૦૨૨-૨૩માં કચ્છ જિલ્લાનું પ્રતિનિધિત્વ કરશે




સિદ્ધિ પ્રાપ્ત કરનાર દીકરીઓ અને સ્ટાફ પરિવારને ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિર ના પૂજ્ય મહંત સ્વામી, વડીલ સંતો, ટ્રસ્ટી મંડળ, સાંખ્યયોગી મહંત સામબાઈ ફઈ ના અંતરના રૂડા આશીર્વાદ સહ અભિનંદન તેમજ સંચાલક મંડળ સંસ્થા પરિવાર તરફથી ખૂબ ખૂબ શુભેચ્છાઓ...

# શ્રી સ્વામિનારાયણ મંદિર ભુજ સંચાલિત ગાય આધારિત ખેતી અભિયાન

ખેતીમાં ગાય, ગોબર અને ગોમૂત્ર વગર ઉદ્ધાર નહીં. ગોસેવા ગતિવિધિના અખિલ ભારતીય પ્રશિક્ષણ પ્રમુખ શ્રી રાઘવનજીનો સ્પષ્ટ મત.

આગામી એપ્રિલમાં શ્રીનરનારાયણદેવને બસો વર્ષ પૂર્ણ થતાં શ્રી સ્વામિનારાયણ મંદિર-ભુજ દ્વારા સમગ્ર કચ્છને આવરીને પ્રારંભ થયેલ અતિ મહત્વના ગાય આધારિત ખેતી અભિયાનમાં અત્યાર સુધી જોડાયેલ ૨૫૫ થી વધુ ખેડૂતોના સંવાદ સત્રને સંબોધતાં મુખ્ય વક્તા તરીકે આર.એસ.એસ.ની ગોસેવા ગતિવિધિના અખિલ ભારતીય પ્રશિક્ષણ પ્રમુખ કે. રાઘવનજીએ પોતાના દેશભરના ભ્રમણ અને વર્ષોના અનુભવના આધારે જણાવ્યું કે રાસાયણિક ખાતરો અને જંતુનાશકોના અવિરત વપરાશથી ઝેરી બની ફળદ્રુપતા ગુમાવી ચુકેલ ધરતીમાતાને બચાવવા દેશી ગાયના ગોબર અને ગોમૂત્રથી તૃપ્ત કરી નવપલ્લવિત કરવા સિવાય બીજો કોઈ જ ઉપાય નથી.

સત્રના પ્રારંભે અભિયાનને આશીર્વચન પાઠવતાં સદ્. કોઠારી પાર્ષદ જાદવજી ભગતે અનિયમિત વરસાદ સાથે કચ્છની વિષમ પરિસ્થિતિ અને ખારાં પાણી જોતાં આવનાર સમયને પારખીને સમયસર અભિયાનમાં જોડાઇ ગયેલ ખેડૂતોને અભિનંદન પાઠવીને ભુજ મંદિર દ્વારા દરેક રીતે સહયોગી થવાની ખાત્રી આપી હતી. કોઠારી સ્વામી દેવપ્રકાશદાસજીએ અભિયાનના સંચાલક સંતો અને કાર્યકર્તાઓના ખંતપૂર્વકના સખત પરિશ્રમની હૃદયથી પ્રસંશા કરી હતી.

અભિયાનના મુખ્ય સંચાલક સ્વામી દેવચરણદાસજીએ આ કાર્યમાં જોડાયેલ ખેડૂતોના સાહસને વધાવીને હવે બિલકુલ પાછી પાની ન કરવા અને આપણી દેશી ગાયને સમાજમાં ફરીથી પ્રસ્થાપિત કરવા સાથે પરિવાર અને સમાજને શુદ્ધ અન્ન ખવડાવવાના આ પવિત્ર કાર્યમાં વધુને વધુ નવા ખેડૂતોને જોડવાનું આહ્વાન કર્યું હતું. સભામાં પ્રસાદી મંદિરના સ્વામી નારાયણમુનિદાસજી, કો.સ્વામી શંતિસ્વરૂપદાસજી, સ્વામી નૌતમપ્રિયદાસજીની ઉપસ્થિતિ સાથે અભિયાનની કેન્દ્રિય સમિતિના સભ્ય મેઘજીભાઈ હીરાણી અને અરજણભાઈ વેકરીયા સહયોગી રહ્યા હતા.

સંવાદ કાર્યક્રમ પછી શ્રી રાઘવનજી, પૂ. સંતો અને મુખ્ય સમિતિએ અભિયાનમાં જોડાયેલ ખેડૂતોની વાડીઓની મુલાકાત સાથે ગાય આધારિત ખેતીના પ્રયોગાનું નિરિક્ષણ કરીને પ્રોત્સાહન સાથે આવશ્યક માર્ગદર્શન પુરુ પાડ્યું હતું. સફળ આયોજનમાં પ્રસાદી મંદિર ભુજનો સુંદર વ્યવસ્થાકીય સહયોગ રહ્યો હતો.

અહેવાલ :- સ્વામી શ્યામચરણદાસજી








# દિવ્ય શાકોત્સવ - અંજાર

સંવત ૨૦૭૯ પોષ વદ ૦૮, તા.૧૫-૧ ના રોજ દર વર્ષની જેમ આ વર્ષે પણ ખૂબજ ધામધૂમથી ઉજવવામાં આવ્યો હતો. આ પ્રસંગે ભુજ, માંડવી, પ્રસાદી મંદિરથી મોટા સંતો પધારેલ અને હરિભક્તોને આશીર્વાદ પાઠવેલ. વક્તા તરીકે શા.સ્વામી શ્યામકૃષ્ણદાસજીએ સરળ શૈલીમાં કથા સંભળાવેલ. કથા બાદ ભક્તજનોએ મહા પ્રસાદ લીધો હતો. કોઠારી સામજીભાઇ ધનજીભાઇ હીરાણી તથા આ ભવ્ય શાકોત્સવના યજમાન પ.ભ. કાનજીભાઇ માવજીભાઇ નાકરાણી, ધ.પ.લીલાબેન, સુપુત્ર સુરેશકુમાર ધ.પ. કુસુમબેન, સુપુત્ર ભાવેશકુમાર, ધ.પ. વિણાબેન પૌત્ર હેત, અનુજ, ક્રિશીલ (અંજાર) પરિવારના હસ્તે શાકનો વધાર કરવામાં આવ્યો હતો, સંતો તથા સાંખ્યયોગી દ્વારા તૈયાર કરાયેલ પ્રભુનો મહાપ્રસાદ ગ્રહણ કરીને ધન્યતા અનુભવિ હતી. એ નોધવું ઘટે કે આવિ ઠંડીમાં ગ્રહસ્થ બહેનો એ સવારે ૫:૦૦ વાગ્યે આવીને હજારો માણસો માટે રોટલા બનાવેલ અને હરિભક્તોને વિવિધ જવાબદારીઓ અપાયેલ હતી.






# શ્રીમદ્ ભાગવત કથા પારાયણ

શ્રીમદ્ ભાગવત કથા પારાયણની કથાનું તા. ૧૮-૦૧-૨૦૨૩ થી તા. ૨૦-૦૧-૨૦૨૩ દરમ્યાન આયોજન થયુ હતુ. વક્તા પદે પુ.સ્વામી હરિમુકુન્દદાસજી તથા શા.સ્વામી શ્યામકૃષ્ણદાસજીએ કથાનું રસપાન કરાવ્યું હતું. યજમાનશ્રી ગામ સિનુગ્રા, હાલે રાયપુર (છતીશગઢ)ના પ.ભ.રમેશભાઇ મગનલાલભાઇ ચાવડા, ધ. પ. મંજુલાબેન પરિવાર તરફથી અ.નિ. સુપુત્ર ભૃગેશભાઇ રમેશભાઇ ચાવડાની પુણ્ય સ્મૃતીમાં શ્રીમદ્ ભાગવત કથા પારાયણનું આયોજન કરવામાં આવેલ અને દરરોજ કથા બાદ પ્રસાદનું વિતરણ કરીને ઉદારતાથી પ્રસંગ ઉજવ્યો હતો. પૂર્ણાહુતિ પ્રસંગે સગા સ્નેહીઆને પહેરામણી કરવામાં આવી હતી. બહોળી સંખ્યામાં હરિભક્તો લાભાન્વિત થયા હતા. કાર્યક્રમને સફળ બનાવવા સ્વામી પુરૂષોત્તમસ્વરૂપદાસજી, કોઠારી સ્વામી સંતજીવનદાસજી, કોઠારી સ્વામી હરિમુકુંદદાસજી આદિ સંતો તથા સાં.યો. બહેનો તેમજ હરિભક્તો તથા કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક, યુવતી મંડળના સભ્યોએ જહેમત ઉઠાવી હતી.

મેહુલભાઇ ઠક્કર-અંજાર.

# શ્રી સ્વામિનારાયણ સત્સંગ ભવન નડિઆદ - મંજીપુરા

ભુજ મંદિર સંચાલિત શ્રી સ્વામિનારાયણ સત્સંગ ભવન નડિઆદ મંજીપુરાનો સાતમો વાર્ષિક પાટોત્સવ તારીખ ૧૪/૧/૨૦૨૩, શનિવારના રોજ ધામધૂમથી ઉજવાયો હતો.

પાટોત્સવમાં યાત્રાવાળા સદ્‌ગુરુ સ્વામી બાલકૃષ્ણદાસજીના મંડળના સંતો શાસ્ત્રી સ્વામી અક્ષરપ્રિયદાસજી, પુરાણી સ્વામી સુવ્રતમુનિ દાસજી, પુરાણી સ્વામી રામપ્રિયદાસજી, શાસ્ત્રી સ્વામી રાઘવમુનિદાસજી, પુરાણી સ્વામી મહામુનિદાસજી, પાર્ષદ નારણ ભગત, યોગેશ ભગત, દિવ્યેશ ભગત પધાર્યા હતા.

પાટોત્સવ પ્રસંગે તારીખ ૧૨ -૧૩-૧૪ ના સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામી રચિત પુરુષોત્તમપ્રકાશ કાવ્ય ગ્રંથની કથાનું ત્રણ દિવસ આયોજન કરવામાં આવ્યું હતું. વક્તા શાસ્ત્રી સ્વામી રાઘવમુનિદાસજીએ હરિભક્તોને કથાનું રસપાન કરાવ્યું હતું. શ્રી નરનારાયણદેવ દ્વિશતાબ્દી મહોત્સવમાં નડિયાદના હરિભક્તોને દાનની સેવાનો લાભ આપવા માટે ભુજ મંદિરથી કોઠારી પાર્ષદ જાદવજી ભગત, કોઠારી સ્વામી દેવપ્રકાશદાસજી, પુરાણી સ્વામી વિજ્ઞાનસ્વરૂપદાસજી, શા. સ્વામી નારાયણમુનિદાસજી, શાસ્ત્રી સ્વામી દેવચરણદાસજી આદિ સંતો પધાર્યા હતા. નડિયાદના હરિભક્તોએ સંતોની આજ્ઞા પ્રમાણે હરિભક્તો સેવા કરી ભાગ્યશાળી બન્યા હતા.

તારીખ ૧૨/ ૧/ ૨૦૨૩ ના સવારમાં સત્સંગ ભવનમાં સમૂહ મહાપૂજાનું આયોજન કરવામાં આવ્યું હતું. મહાપૂજાના મુખ્ય યજમાન લાલજીભાઈ મનજીભાઈ ચવાણ રહ્યા હતા.

તારીખ ૧૪/૧/૨૦૨૩ નારોજ શ્રી ઘનશ્યામ મહારાજ આદિ દેવનો પાટોત્સવ હોવાથી શ્રી હરિકૃષ્ણ મહારાજનો અભિષેક કરવામાં આવ્યો હતો અને પાટોત્સવના દિવસે શાકોત્સવ કરવામાં આવ્યો હતો.

પાટોત્સવ એવં શાકોત્સવના મુખ્ય યજમાનશ્રી અ.નિ. મનજીભાઈ કરશનભાઈ ચવાણ માતૃશ્રી અ.નિ.રાજબાઈ ચવાણ પરિવાર પુત્ર- ડાહ્યાભાઈ પુત્ર- ચંદુભાઈ આદિ પરિવાર રહ્યા હતા. યજમાન પરિવારને સંતો દ્વારા પહેરામણી કરવામાં આવી હતી.

અશ્વિનભાઈ પટેલ, મંત્રીશ્રી














કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળ
નડિયાદ





## ધનુર્માસની ઉજવણી પ્રસંગે પારાયણ - નિંગાળ

અંજાર તાલુકાના આહિર પટ્ટીના નિંગાળ ગામે ભુજ મંદિર સંચાલિત શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પવિત્ર ધનુર્માસ દરમિયાન એક મહિના સુધી મહામંત્રની ધૂનનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. સાં.યો.બહેનોની નિશ્રામાં ગામના અઢીસોથી ત્રણસો ભક્તો બહેનો ભાઈઓ લાભ લેતા. ધનુર્માસના છેલ્લા દિવસોમાં તારીખ ૧૧-૦૧-૨૦૨૩ થી ૧૫-૦૧-૨૦૨૩ દરમિયાન પાંચ દિવસનું શ્રીમદ્ભાગવતની પારાયણનું આયોજન રાખવામાં આવ્યું હતું. જેના વક્તા સ્વામી ધર્મવિહારીદાસજી રહ્યા હતા. સવાર સાંજ પ્રસાદની વ્યવસ્થા રાખવામાં આવી હતી. દરરોજ મંદિર ફૂલ અને ફળથી શણગારવામાં આવેલ. પ્રસાદના યજમાન પ.ભ. વિનોદભાઈ ડબલરોટીવાડા - રાપર તેમના માતૃશ્રીની પૂણ્યસ્મૃતિમાં થયેલા હતા. અન્નકૂટ અને મહાઆરતીના યજમાન પ.ભ. માવજીભાઈ કલ્યાણ હિરાણી-લંડન, પ.ભ. રવજીભાઈ મેઘજીભાઈ હાલાઈ-ગોધરા રહ્યા હતા. ભુજથી યુવક મંડળના યુવાનો પણ આ કાર્યક્રમમાં સામેલ થયા હતા.

આ પ્રસંગે ઉપસ્થિત ભક્તોને દર્શન અને આશીર્વાદ પાઠવવા ભુજ મંદિરથી સદગુરુ સ્વામી કૃષ્ણપ્રસાદદાસજી, સદ્‌ગુરુ સ્વામી મુકુંદજીવનદાસજી, સદ્‌ગુરુ સ્વામી લક્ષ્મીપ્રસાદદાસજી આદિ સંતો પધારી આશીર્વાદ પાઠવ્યા હતા અને યજમાનોને પ્રસન્નતાની પહેરામણી કરી પ્રોત્સાહિત કર્યા હતા.

પ્રકાશભાઈ રવા ચાવડા

## ગરિબોને ભોજન તથા વસ્ત્ર દાન - કેન્જોરગઢ (ઓરિસ્સા )

શ્રી નરનારાયણદેવ દ્વિશતાબ્દી મહોત્સવ ઉપક્રમે કેન્જોરગઢ (ઓરિસ્સા ) મધ્યે જંગલમાં રહેતા ગરીબ વનવાસી લોકોને પૂજ્ય ભુજ મંદિરના મહંત સ્વામીની આજ્ઞાથી કચ્છના મિસ્ત્રી હરિભક્તો દ્વારા દર રવિવારે ભોજન પ્રસાદ પીરસાઇ રહ્યો છે. તેમજ ઠંડીથી બચવા વસ્ત્ર દાન થઇ રહ્યું છે.









## આર્મી વેલફેરમાં આપેલ અનુદાન અન્વયે



જયશ્રી સ્વામિનારાયણ સાથે જણાવવાનું કે, અમારી શાળાના ગુજરાતી માધ્યમના ધો.૯ થી ધો.૧૨મા અભ્યાસ કરતા વિધાર્થીઓએ સંસ્થાના સંચાલક સંતો સ્વામી ઉત્તમપ્રિયદાસજી, સ્વામી આનંદસ્વરૂપદાસજીની પ્રરેણાથી રૂા.૩૧૦૦૦/– જેટલી માતબર રકમ એકઠી કરી ડે.કલેકટર શ્રી મિતેષ પંડયા સાહેબને અર્પણ કરી હતી. સહયોગ બદલ શ્રી જિલ્લા સૈનિક અને પુર્નવસવાટ કચેરીના અધિકારીશ્રી ભરતસિંહ ચાવડા સાહેબનો પણ સહકાર સાંપડયો હતો બંને અધિકારીશ્રીઓએ સંસ્થાના ઉમદા વિચારને બિરદાવ્યો હતો અને સહયોગ બદલ સંસ્થાને ટ્રોફી સાથે સન્માનપત્ર અર્પણ કર્યાં હતાં. વિધાર્થીઓમાં દેશસેવાની ઉમદા ભાવના જાગૃત કરવા બદલ સંસ્થાના સંચાલક સંતોનો ખૂબજ આભાર માન્યો હતો.

અહેવાલ :- સ્વામી આનંદસ્વરૂપદાસજી

# સત્સંગ સમાચાર - વિદેશ

## શ્રી ટાંઝાનિયા સ્વામિનારાયણ મંદિર દારેસલામનો ૬૪મો વાર્ષિક પાટોત્સવ

ઈષ્ટઆફ્રિકામાં ટાંઝાનિયાના દારેસલામ મધ્યે બ્રહ્મનિષ્ઠ સંતોની ઉપસ્થિતિમાં શ્રી ટાંઝાનિયા સ્વામિનારાયણ મંદિરનો ૬૪મો પાટોત્સવ તારીખ ૨૮/૧૨/૨૨ થી ૧/૧/૨૩ ના રોજ ઉજવાયો.

તીર્થધામ ભુજ મંદિરના મહંત સ્વામીની આજ્ઞા અને આશીર્વાદથી પધારેલ બ્રહ્મનિષ્ઠ સંતો સ્વામી શાંતિપ્રિયદાસજી, સ્વામી ભક્તિવિહારીદાસજી, સ્વામી શ્રીજીનંદનદાસજી, સ્વામી ઉત્તમચરણદાસજી , સ્વામી દેવનંદનદાસજી, સ્વામી નિર્ભયજીવનદાસજીની ઉપસ્થિતિમાં, ૬૪માં પાટોત્સવ નિમિત્તે સદ્‌ગુરુશ્રી નિષ્કુળાનંદસ્વામી રચિત શ્રીહરિસ્મૃતિ શાસ્ત્ર પર પંચદિવસીય પારાયણનું આયોજન કરવામાં આવેલ જેમાં વિવિધ પ્રકારના ઉત્સવોની ઉજવણી કરવામાં આવેલ.

ઉત્સવનો પ્રારંભ તારીખ ૨૭/૧૨/૨૨ ના રોજ થયેલ, જેમાં પારાયણના મુખ્ય યજમાનના ઘેરથી વાજતે ગાજતે પોથીયાત્રા આરંભી અને મંદિરમાં પોથીનું આગમન થયું.

તારીખ ૨૮/૧૨/૨૨ ના ઉજવાયેલ આમ્રોત્સવમાં ઠાકોરજીને ટાંઝાનિયામાં થતી અલગ અલગ પ્રકારની કેરીઓનો અન્નકૂટ ધરાવી પ્રભુને રાજી કરેલ. પ્રથમ દિવસે સ્વામી ભક્તિવિહારીદાસજી વ્યાસાસને બિરાજી કથાનું રસપાન કરાવેલ.

તારીખ ૨૯/૧૨/૨૨ ના પુષ્પદોલોત્સવનું આયોજન કરી ઠાકોરજીને ફૂલોના હિંડોળે ઝુલાવેલ. દ્વિતીય દિવસે સ્વામી દેવનંદનદાસજીએ કથાનું રસપાન કરાવી ભક્તોને રાજી કર્યા.

તારીખ ૩૦/૧૨/૨૨ ના ભક્તિસમર્પણ ઉત્સવનું આયોજન કરવામાં આવેલ, દારેસલામના ભાવિક ભક્તો દ્વારા રાજાધિરાજ શ્રી સ્વામિનારાયણ ભગવાનને વસ્ત્રો-અલંકારોથી પૂજન કરવામાં આવેલ. તૃતીય દિવસે સ્વામી નિર્ભયજીવનદાસજીએ કથાનું રસપાન કરાવેલ.

તારીખ ૩૧/૧૨/૨૨ ના રોજ લોયના એકાંતિક ભક્ત સુરાખાચરને યાદ કરી ભવ્ય શાકોત્સવનું આયોજન કરવામાં આવેલ. ચતુર્થ દિવસે સ્વામી ભક્તિવિહારીદાસજી કથામૃત પીરસી ભક્તોના ભાવ પૂર્યા.

તારીખ ૧/૧/૨૩ ના રોજ પંચામૃત વડે, સંતોના વરદ હસ્તે શ્રી ઘનશ્યામ મહારાજનો અભિષેક કરવામાં આવેલ. સાથે સાથે દારેસલામમાં વસતા ભાવિક સ્ત્રીભક્તોના હસ્તે, ઉમદા પ્રેમભાવથી તૈયાર થયેલ વિવિધ પ્રકારના શ્રી નરનારાયણદેવ દ્વિશતાબ્દી મહોત્સવના ઉપક્રમે ૨૦૦ થાળનો ભવ્ય અન્નકૂટ ઠાકોરજીને ધરાવી તૃપ્ત કરેલ. મહાઆરતીનું આયોજન કરવામાં આવેલ જેમાં પધારેલ દરેક હરિભક્ત ઠાકોરજીની આરતી ઉતારી ધન્યતા અનુભવી.

ઉત્સવ દરમ્યાન બધાં જ દિવસે મહાપ્રસાદનું આયોજન કરવામાં આવેલ.દારેસલામમાં વસતાં દરેક નાના મોટા હરિભક્તોએ વિવિધ ઉત્સવોના યજમાન -સહ યજમાન પદની સેવાનો હોંશભેર લાભ લીધેલ.. મહોત્સવના અંતે જે તે સેવાનું યજમાન પદ સ્વીકારનાર અને વર્ષ દરમ્યાન તન, મન અને ધન થી મંદિરની સેવા

કરતાં હરિભક્તોનું પૂજ્ય સંતોના વરદ હસ્તે સન્માન કરવામાં આવેલ.

સર્વે હરિભક્ત બહેનો- ભાઈઓ સેવા યજ્ઞમાં જોડાઈ પાટોત્સવ યાદગાર બનાવેલ.સમગ્ર પારાયણ-પ્રસંગનું સંચાલન સભા સંચાલક સ્વામી ઉત્તમચરણદાસજી અને મંદિરના મંત્રી શ્રી વિનોદભાઈ લક્ષ્મણભાઈ પિંડોરિયા (સામત્રા) સંભાળ્યું હતું.

દારેસલામના ખૂણે ખૂણેથી તથા ઝાંઝીબાર, મોશી, અરુશા વગેરે દેશ-નગરથી પધારતા સર્વે હરિભક્તો કથામૃતનું રસપાન કરી,દર્શન - પ્રસાદના ધન્યભાગી બની ભગવાનને રાજી કરવાના પ્રયત્નો કરી ૬૪માં પાટોત્સવની ઉજવણી કરેલ.

- મંત્રી શ્રી વિનોદભાઈ પિંડોરિયા













# કેરુગોયા (કેન્યા)માં ચતુર્થ પાટોત્સવની ઉજવણી

માઉન્ટ કેન્યાની તળેટીમાં વસેલું ગામ કેરુગોયામાં શ્રી સ્વામિનારાયણ મંદિર (શ્રી નરનારાયણદેવ કચ્છ ભુજ સંચાલિત) માં ચતુર્થ પાટોત્સવની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી હતી.

સદ્‌ગુરુ મહંત સ્વામી ધર્મનંદદાસજીની આજ્ઞાથી પધારેલા સદ્‌ગુરુ સ્વામી શાંતિપ્રિયદાસજી, પુરાણી સ્વામી ભક્તિવિહારીદાસજી, ગવૈયા સ્વામી શ્રીજીનંદનદાસજી, સ્વામી ઉત્તમચરણદાસજી, સ્વામી દેવનંદનદાસજી, સ્વામી નિર્ભયજીવનદાસજી આદિક સંતો પધાર્યા હતા.

સવંત ૨૦૭૯ પોષ વદ ૩ તા. ૧૦-૦૧-૨૦૨૩ ના રોજ સાંજના છ કલાકે સમગ્ર ઉત્સવના મુખ્ય યજમાન શ્રી લાલજીભાઈ માવજી પિંડોરીયા તથા સહયજમાન શ્રી પુરુષોત્તમભાઈ માવજી પિંડોરીયાના શુભ નિવાસ સ્થાનેથી પોથીયાત્રા વાજતે ગાજતે મંદિરમાં પૂર્ણહૂતિ કરવામાં આવી હતી.

તા. ૧૧-૦૧-૨૦૨૩ ના રોજ સવારે વ્યાસપીઠ ઉપર સ્વામી ભક્તિવિહારીદાસજીએ હરિસ્મૃતિની કથાનું સુંદર રસપાન કરાવ્યું હતું. સાંજના આમ્રરસોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. સાંજના પ્રસાદના યજમાન શ્રી નવીનભાઈ કેરાઈ હતા.

તારીખ ૧૨-૦૧-૨૦૨૩ ના રોજ વ્યાસપીઠ ઉપર સ્વામી દેવનંદનદાસજી સુમધુર શૈલીમાં કથાનું રસપાન કરાવ્યું હતું. હરિસ્મૃતિ અંતર્ગત "જમતા જોયા છે" એ અંતર્ગત સુંદર શૈલીમાં મહારાજની જમતા જોયાની લીલા સમજાવી હતી. સાંજના સમયે ફુલદોલોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. તેના યજમાન પ.ભ. વિનોદભાઈ કાનજી રાબડીયા હતા. બાળ મંડળના બાળકોએ સુંદર વેશભૂષા ધારણ કરીને ધ્વજા સહિત શ્રી નરનારાયણદેવના ગગનચુંબી જયનાથ સાથે શ્રી નરનારાયણદેવને હિંડોળે ઝુલાવ્યા હતા. આજના મહાપ્રસાદના યજમાન એક હરિભક્ત શ્રી નરનારાયણદેવ ભરોસે હતા.

તારીખ ૧૩-૦૧-૨૦૨૩ ના રોજ સવારના સ્વામી નિર્ભયજીવનદાસજીના શ્રીમુખે કથા થઈ હતી. સાંજના ભાગમાં સંપ્રદાયમાં પ્રસિદ્ધ શાકોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. વૈતાંકના શાકનો વઘાર શ્રી ઘનશ્યામ મહારાજના ચરણ કમળ આગળ સંતોના શુભ હસ્તે વઘાર કરીને લોયામાં શાકોત્સવ મહારાજે કરેલ એની સ્મૃતિ કરાવી હતી. સ્વાદિષ્ટ રોટલા, રીંગણા, ગોળ, ખીચડી રૂપી મહાપ્રસાદના યજમાન શ્રી મેઘજીભાઈ હીરાણી હતા.

ચતુર્થ પાટોત્સવ, ચતુર્થ દિવસે સ્વામી ભક્તિવિહારીદાસજીએ બિરાજી સુંદર મજાની કથા કરી હતી. હરિભક્તોનું આવાગમન સવારથી જ થઈ ગયું હતું. નૈરોબી એલ્ડોરેટ, મેરુ, ન્યેરી, કિસુમુથી ભક્તો આવ્યા હતા. આજે મંદિર સંપૂર્ણ હરિભક્તોના ઘસારાથી ભરાઈ ગયું હતું. સાંજના સત્રમાં સ્વામી દેવનંદનદાસજી સુમધુર શૈલીમાં કથાનું રસપાન કરાવ્યું હતું. ઠાકર થાળીનું આયોજન કરવામાં આવ્યું હતું. તેના યજમાન મિલનભાઈ ઇનામદાર તથા ભીમજીભાઇ પિંડોરીયા હતા. સંતો હરિભક્તો પૂજ્ય ગવૈયા સ્વામી શ્રીજીનંદદાસજીના સુમધુર સ્વરે અને સંગીતના તાલે ઝૂમ્યા હતા. મહાપ્રસાદના યજમાન વિનોદભાઈ કાનજી રાબડીયા હતા. અને સર્વે હરિભક્તોને ઉતારા પાણીની વ્યવસ્થા યુવાન ઉત્સાહી શ્રી કલ્પેશભાઈ પિંડોરીયાએ સંભાળી હતી.

તારીખ ૧૫-૦૧-૨૦૨૩ સંક્રાંતિના શુભ દિવસે એટલે આજે તો બાલુડા શ્રી ઘનશ્યામ મહારાજના પાટોત્સવનો શુભ દિવસ આવી ગયો. જેની સર્વે હરિભક્તો રાહ જોતા હતા. સવારમાં પૂજ્ય સ્વામી દેવનંદનદાસજીએ ૯ થી ૧૦ કથા કરી હતી. બહેનોની અલાયદી વ્યવસ્થા નીચે હોલમાં કરવામાં આવી હતી. કથા બાદ પધારેલા હરિભક્તોનું ફૂલહારથી સન્માન કરવામાં આવ્યું હતું અને પધારેલા હરિભક્તોએ પણ પ્રસંગને અનુરૂપ પ્રવચન કરી સત્સંગનો લાભ આપ્યો હતો. બાદમાં સર્વે યજમાન હરિભક્તોને સદ્‌ગુરુ સ્વામી શાંતિપ્રિયદાસજીએ ફૂલહાર કરીને સન્માન કર્યું હતું અને આવીને આવી વરસો વરસ સેવા કરી એવી શ્રી નરનારાયણદેવના ચરણમાં પ્રાર્થના કરી હતી.

બાદમાં શ્રી હરિકૃષ્ણ મહારાજનો મુખ્ય યજમાનો પરિવાર સાથે અભિષેકનો લાભ લીધો હતો. સમગ્ર હરિભક્તોએ અભિષેકનો લાભ લીધો હતો અને બાદમાં મંદિરના મુખ્ય શિખરો અને મુખ્ય સિંહાસનના દેવો, શિવ પરિવાર, હનુમાનજી, સૂર્યનારાયણદેવના સિંહાસનની ધ્વજાના યજમાનો દર્શિતભાઈ રાબડીયા, રમેશભાઈ હિરાણી, જયંતીભાઈ હિરાણી, હિમાંશુભાઈ પારેખ, નિરંજનભાઇ વાણંદ, દિપેશભાઈ હાલાઈ,









નિલેશભાઈ પિંડોરીયા, રોહિતભાઈ વાઘાણી સમગ્ર યુવાન હરિભક્તો લાભ લઈ દેવોનો રાજીપો મેળવ્યો હતો. આજના પૂર્ણાહુતિ દિવસના મહાપ્રસાદના યજમાન જાદવજીભાઈ ધનજીભાઈ કેરાઈ તથા સમસ્ત મેરૂ શ્રી સ્વામિનારાયણ મંદિર રહ્યું હતું. સમગ્ર ઉત્સવ દરમિયાન રસોડાની સેવા સતત પાંચ દિવસ જાદવજીભાઈ કેરાઈ તથા પ્રેમજીભાઈ રાબડીયાએ સંપૂર્ણ જવાબદારી પૂર્વક સંભાળી હતી. પૂજ્ય સંતોની સેવામાં સતત મંદિરના પુજારી શ્રી મૂળજીભાઈ વેકરીયા અને રમેશભાઈ હિરાણી રહ્યા હતા.

યુવક મંડળના પ્રમુખ વિપુલભાઈ રાબડીયાની દોરવણી હેઠળ મંદિરને સુંદર સુશોભિત યુવકોના સાથ સહકારથી રોશનીથી વીજમાળાથી દીપી ઉઠ્યું હતું. માતા, બહેન, દીકરીઓએ રાત દિવસ જોયા વગર મંદિરના હાર પૂરવા, અન્નકૂટની સેવા, પ્રસાદીની સેવા, મંદિરની સાફ સફાઈની સેવા, મંદિરનું પ્રાંગણ સ્વચ્છ રાખવું આ બધી મુક સેવાઓ કરી છે જેઓ સાચે જ ઘનશ્યામ મહારાજના રાજીપાના અધિકારી છે.

સમગ્ર મહોત્સવ નિર્વિઘ્ને પાર પડ્યો હતો અને પધારેલા હરિભક્તો સંભારણા વાગોળતા વાગોળતા રાજી થઈને વિદાય થયા હતા.

અહેવાલઃ- મિલનભાઈ ઇનામદાર કેરુગોયા










# દસમો વાર્ષિક પાટોત્સવ - સિડની



પરમ કૃપાળુ પરમાત્મા શ્રી સ્વામિનારાયણ ભગવાન તથા ભુજ મંદિરના મહંત સ.ગુ. સ્વામી ધર્મનંદનદાસજીના આશીર્વાદથી શ્રી સ્વામિનારાયણ મંદિર ભુજ - સિડનીનો દસમો વાર્ષિક પાટોત્સવ તારીખ ૨૩/૧૨/૨૦૨૨ શુક્રવારથી તારીખ ૨૭/૧૨/૨૦૨૨ મંગળવાર સુધી ધામધૂમથી ઉજવાયો હતો.

આ દસમા પાટોત્સવની ઉજવણીના પ્રસંગે ભુજધામથી પૂજ્ય મહંત સ્વામી ધર્મનંદનદાસજી , ઉપમહંત ભગવત્જીવનદાસજી, સદ્‌ગુરુ સ્વામી બાલકૃષ્ણદાસજી, સદ્‌ગુરુ સ્વામી ભક્તિપ્રિયદાસજી, સદ્‌ગુરુ સ્વામી શ્રીહરિદાસજી આદિ વડીલ સંતો અને યુવા સંતો સહીત કુલ ૨૧ સંતો સિડની પધાર્યા હતા. આ ઉત્સવમાં દેશ વિદેશના ઘણા હરિભક્તો પણ પધાર્યા હતા.

તારીખ ૨૨/૧૨/૨૦૨૨ ગુરુવારના સાંઝે ૫ વાગ્યે પોથીયાત્રાથી યજ્ઞની શરૂઆત થઇ હતી. શુકવાર તારીખ ૨૩ના સવારથી શ્રીમદ્ સત્સંગિભૂષણ પારાયણની શરૂઆત થઇ હતી.

યજ્ઞના દરેક દિવસે સંતો તથા યુવક મંડળના હરિભક્તોએ મળી શ્રી ઘનશ્યામ જન્મોત્સવ, શ્રીહરિ ભુજ આગમન, શાકોત્સવ જેવા અનેક ઉત્સવોની ઉજવણી કરી હતી. ઉત્સવ દરમિયાન સિડનીના હરિભક્તોએ લાડીલા ઘનશ્યામ મહારાજને અનેક પ્રકારના સુવર્ણના દાન પણ કાર્યાં હતાં. હરિભક્તોએ સંતોની પ્રેરણાથી બાળ સ્વરૂપ ઘનશ્યામ મહારાજ તથા હરિકૃષ્ણ મહારાજને સુવર્ણના વાઘા અર્પણ કર્યા હતા. દરેક સત્રમાં મંદિરના યુવા હરિભક્તોએ વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોની રજૂઆત કરી હતી, જેમાં ઘનશ્યામ બાળ મંડળના બાળકોએ નાટક તથા સંગીત શૉ રજુ કર્યો હતો અને બાલિકાઓએ સાંસ્કૃતિક નૃત્યો રજુ કાર્યાં હતાં.

સમગ્ર ઉત્સવ દરમિયાન સર્વે હરિભક્તોએ સંતોના મુખે શ્રીહરિના દિવ્ય લીલા ચરિત્રોની કથાનું પાન કર્યું હતું અને દરેક સત્રમાં વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો નિહાળ્યા બાદ મહાપ્રસાદનો લાભ લીધો હતો. આ ઉત્સવને દિપાવવા માટે મંદિરના દરેક નાના મોટા હરિભક્તો, વડીલો, યુવા તથા બાળકો અને બાલિકાઓએ છેલ્લા ૫-૬ મહિનાથી દિવસ રાત ઘણી સેવા કરી હતી અને તેથી જ આખું અઠવાડિયું અનેક ઉત્સવો તથા કાર્યક્રમો ઘણા શોભી ઉઠ્યા હતા.

બાળ સ્વરૂપ શ્રી ઘનશ્યામ મહારાજ તથા સર્વે સંતોના આશીર્વાથી આખો યજ્ઞ નિર્વિઘ્ન પૂરો થયો હતો. દરેક સત્રમાં કથા બાદ વડીલ સંતોએ આખી સભાને આશીર્વચન પાઠવ્યા હતા અને સર્વેની સેવાને ઘણીં બિરદાવી હતી. સંતોએ હરિભક્તોને આમ ને આમ એક થઇ કુટુંબની જેમ રહી મંદિર તથા મહારાજની સેવા કરવાનું ઘણું બળ અને પ્રોત્સાહન પણ આપ્યું હતું.


શ્રી સ્વામિનારાયણ મંદિર સિડનીને શ્રી સ્વામિનારાયણ મંદિર ભુજ અંતર્ગત લેવાના મહંત સ્વામીના ઉમદા આયોજનને સર્વે ભક્તોએ વધાવી લીધો હતો અને તેમાં પૂજ્ય મહંત સ્વામી તથા સર્વે સંતો ઘણા રાજી થયા હતા.

શ્રી ઘનશ્યામ મહારાજ તથા શ્રી નરનારાયણદેવના ચરણોમાં પ્રાર્થના કે સિડની મંદિરનો સત્સંગ આમ ને આમ પ્રગતિ કરતો રહે અને આ સિડની સત્સંગ પરિવારના માથે સર્વે સંતો તથા દેવોની અમીદ્રષ્ટિ સદાય રહે.

- દિપકભાઈ રાબડીયા, મંત્રીશ્રી

















# અસ્મિતા પર્વ - પર્થ ઓસ્ટ્રેલીયા

ઈષ્ટદેવ શ્રી નરનારાયણદેવની કૃપા તથા સદગુરુ મહંત પુરાણી સ્વામી ધર્મનંદદાસજી તથા વડીલ સંતોના આશીર્વાદથી પર્થ ઓસ્ટ્રેલિયા મધ્યે તારીખ ૦૭-૦૧-૨૦૨૩ થી તારીખ ૧૫-૦૧-૨૦૨૩ સુધી 'અસ્મિતા પર્વ'માં કથા પારાયણ જ્ઞાનયજ્ઞ અને વિષ્ણુયાગનું આયોજન કરવામાં આવ્યું હતું. વ્યાસાસને વિરાજમાન થઈ ભુજ મંદિરના વિદ્વાન સંતોએ પોતાની વિદ્વતાસભર છતાં સરળ અને સુંદર શૈલીમાં સંગીતના સથવારે કથાનું અમૃતપાન કરાવી શ્રોતાઓને મંત્રમુગ્ધ કર્યા હતા. પ્રસંગોને પ્રભાવક અને અસરકારક બનાવવા સંગીતકાર સંતોએ સુંદર સાથ આપ્યો હતો.

અસ્મિતા પર્વ નિમિત્તે તા. ૦૭-૦૧-૨૦૨૩ એ શાસ્ત્રોક વિધિ વિધાન પૂર્વક મહાવિષ્ણુયાગ ભક્તિમય વાતાવરણમાં સંપૂર્ણ શ્રદ્ધા અને ભાવથી યોજાયો હતો. આ યજ્ઞનો લાભ લઈ સંતો અને હરિભક્તોએ ધન્યતા અનુભવી હતી.

તા.૦૮-૦૧-૨૦૨૩એ યોજાયેલા વિશેષ કાર્યક્રમ પૈકી સવારે વિજય ધ્વજારોહણમાં ભુજ મંદિરના મહંત સ્વામી સાથે વડીલ સંતો, સ્થાનિક, ટ્રસ્ટીઓ અને યજમાનો જોડાયા હતા. વિજય સ્તંભ પર ઉર્ધ્વગામી થઈ લહેરાતા વિજય ધ્વજ દ્વારા વિશ્વમાં લોક કલ્યાણ અને અસ્મિતા પર્વનો સંદેશ વહેતો થયો હતો. ઉપસ્થિત સંતો અને હરિભક્તોએ શ્રી સ્વામિનારાયણ ભગવાનના જયઘોષ સાથે પોતાનો આનંદ વ્યક્ત કર્યો હતો.

ઉત્સવમાં ઉમંગભેર ઉમટી પડેલા હરિભક્તોની ઉપસ્થિતિમાં વિવિધ યજમાનો વરાયા

















હતા. ચડાવા પદ્ધતિથી હરિભક્તોએ ઊંચો આંક આપી વિવિધ યજમાન પદ સ્વીકારી ધન્યતા અનુભવવાની સાથે કાર્યક્રમની શોભા વધારી હતી.

સાંજે નીકળેલી પોથીયાત્રામાં હર્ષોઉલ્લાસ ચરમશીમાએ પહોંચ્યો હતો. સુંદર વસ્ત્રો પરિધાન કરી હરિભક્તો ભાઈ બહેનો હોંશભેર આ યાત્રામાં જોડાયા હતા. બહેનો શિર પર શાસ્ત્રોની પોથી ધારણ કરી ધન્યતા અને ગૌરવની લાગણી અનુભવી રહી હતી. ધૂન કીર્તન અને શ્રી હરિના જયઘોષથી વાતાવરણ અલૌકિક બન્યું હતું. શ્રદ્ધા અને ભક્તિ ભાવનું આહ્‌લાદક અવસર દશ્યમાન થયું હતું.દરરોજ સવારે અને સાંજે કથા પારાયણ ઉપરાંત સવારે વ્યાખ્યાન માળા, પહેરામણી સન્માન જેવા કાર્યક્રમો તથા સાંજે અને રાત્રે બાળકોના, યુવકોના, મહિલાઓના સાંસ્કૃતિક કાર્યક્રમો, સંગીત ભજન સંધ્યા, જેવા કાર્યક્રમોએ ભરપૂર મનોરંજન પૂરું પાડ્યું હતું. કથા દરમિયાન પ્રસંગોચિત જન્મોત્સવ, ફૂલદોલોત્સવ, મહાઆરતી જેવા ધાર્મિક કાર્યક્રમો યોજાયા હતા.વ્યાખ્યાન માળામાં વિવિધ વક્તાશ્રીઓએ પ્રસંગિક ઉદબોધનોમાં જ્ઞાન, ધર્મ અને ભક્તિના મનનીય વ્યાખ્યાનો આપી પ્રસંગની ગરિમા ઝળહળતી કરી હતી. સંતોએ આશીર્વાદ દરમિયાન આયોજનો અને કાર્યકર્તાઓને બિરદાવી પ્રસન્નતા વ્યક્ત કરી હતી. પૂજ્ય મહંત સ્વામીએ આશીર્વાદ પાઠવ્યા હતા. ટ્રસ્ટીઓએ હરિસેવકો, યુવક યુવતીઓએ સુંદર સાથ સહકાર આપી કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી.



# શ્રીઘનશ્યામ નવધાભક્તિ મહોત્સવ – એડિલેઈડ, ઓસ્ટ્રેલિયા








શ્રી સ્વામિનારાયણ મંદિર એડિલેઈડ ઓસ્ટ્રેલિયાનો (શ્રી નરનારાયણદેવ ભુજ તાબાનુ) એ ૨૯-૧૨-૨૦૨૨ થી ૦૩-૦૧-૨૦૨૩ સુધી ૯મો પાટોત્સવ ધામધૂમથી ઉજવવામાં આવ્યો હતો.

આ મહોત્સવમાં ભુજ મંદિરના મહંત સદ્‌ગુરુ સ્વામી ધર્મનંદનદાસજી સ્વામી, ઉપમહંત સ્વામી ભગવદ્‌જીવનદાસજી અને અન્ય ૧૯ સંતો દ્વારા અભિવાદન કરવામાં આવ્યું હતું. મહોત્સવમાં ભુજના વિદ્વાન સંતો દ્વારા શ્રી પુરુષોત્તમચરિત્ર પુષ્પમાળાનું વાંચન કરવામાં આવ્યું હતું.

આ મહોત્સવમાં મેલબોર્ન, સિડની, પર્થ અને વિદેશના હરિભક્તોએ પણ હાજરી આપી હતી. મહોત્સવ દરમિયાન ઘનશ્યામ જન્મોત્સવ, શાકઉત્સવ, ફલકૂટ, અન્નકૂટ જેવા ઉત્સવોની ઉજવણી કરવામાં આવી હતી.

નવમા વાર્ષિક પાટોત્સવ પ્રસંગે પધારેલ મહંત સ્વામી , ઉપમહંત સ્વામી તથા વડીલ સંતોની આજ્ઞા કરી કે આ મંદિર નીચે એડિલેઈડ શહેરમાં ૨ એકરમાં વિશાળ બાંધકામ સાથે જમીન સંપાદન કરવામાં આવી છે અને આવતો ૧૦ મો વાર્ષિક પાટોત્સવ નવી જગ્યાએ ઠાકોરજી પધરાવી ઉજવવો. આ માટે સૌ ગામના નાના મોટા હરિભક્તો તૈયારી કરજો એટલે અમે બધા આવતા વર્ષે શ્રી ઘનશ્યામ મહારાજ દશાબ્દી મહોત્સવ ઉજવવા તૈયારીમાં અત્યારથી જ લાગી ગયા છીએ. પૂજ્ય મહંત સ્વામીના રુડા આશીર્વાદથી અમારો એડિલેઈડ મંદિરનો સત્સંગ ખૂબજ ઉત્સાહથી ચાલે છે.








## શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશને મળેલ ભેટની યાદી

૨૦૧ કરસનભાઈ ઝીણા જેસાણી સપરિવાર શ્રી નરનારાયણદેવની પ્રસન્નતાર્થે - બળદીયા
૨૦૦ કિશોરભાઈ ગોંવિદ પિંડોરીયા જન્મદિવસ નિમિત્તે - માધાપર
૧૫૦ કિષ્ના કિશોરભાઈ પિંડોરીયા જન્મદિવસ નિમિત્તે - માધાપર
૧૫૦ મીનાબેન કિશોરભાઈ પિંડોરીયા જન્મદિવસ નિમિત્તે - માધાપર
૨૫૧ ગોંવિદભાઈ વાલજી વેકરીયા લગ્ન પ્રસંગે - બળદિયા
૨૫૧ માનબાઈ રામજી જેસાણી શ્રી નરનારાયણદેવની પ્રસન્નતાર્થે - બળદીયા
૨૨૫ ભુમીબેન હિરાણી જન્મદિવસ નિમિત્તે -ફોટડી
૧૫૧ મેઘજીભાઈ કરસન પોકાર પૌત્રી ધોરણ ૯ માં ૮૫ ટકાથી પાસ થઈ તે નિમિત્તે -
૧૫૧ નરેશભાઈ હરમાનભાઈ બ્રહ્મભટ્ટ પિતાશ્રીની ૨૪મી પૂણ્યતિથી નિમિત્તે - અમદાવાદ
૨૫૧ રિદ્ધીબેન વિનોદ નારદાણી જન્મદિવસ નિમિત્તે - કેરા
૨૦૦ સાચીબેન હિતેશ મેપાણી જન્મદિવસ નિમિત્તે - માધાપર
૨૦૦ સ્વપનિલભાઈ મનોજ વરસાણી જન્મદિવસ નિમિત્તે - ભારાસર
૧૫૦ મિત્તલબેન પ્રકાશ વરસાણી જન્મદિવસ નિમિત્તે - માધાપર
૨૫૧ પિયુશભાઈ અરજણ કેરાઈ શી.એ.બન્યા એ નિમિત્તે - સુરજપર
૩૦૦ રાજેન્દ્રભાઈ હરિપ્રસાદ માકાણી શ્રી નરનારાયણદેવની પ્રસન્નતાર્થે - રવાપર ડોમ્બિવલી
૨૫૧ ડિમ્પલબેન મુરજી રાઘવાણી શી.એ.બન્યા એ નિમિત્તે - બળદિયા
૨૫૦ મીનાબેન કિશોર પિંડોરીયા જન્મદિવસ નિમિત્તે - માધાપર

Shree Swaminarayan Dharmasandesh

RNI No. : GUJ/GUJ/2001/5643
POSTED EVERY MONTH ON 5TH AT BHUJ/STG OFFICE

Postal Regd. No. GKCH-158/2021-2023
WPP Lic No. G-PMG-RJT/011/2023/UPTO 31-12-2023

# સુવર્ણ વિજયસ્તંભ ધ્વજારોહણ

## આમંત્રણ



ભવ્યાતિભવ્ય શ્રી નરનારાયણદેવ દ્વિશતાબ્દી મહોત્સવના નિર્વિઘ્ન પરિપૂર્ણતા એવં વિશ્વવ્યાપિ થાય એવા શુભ આશયથી તા.૧૮-૩-૨૦૨૩ શનિવાર, ફાગણ વદ-૧૧ ને સવારે ૮.૦૦ વાગ્યાના શુભ મુહૂર્તે સુવર્ણના સ્તંભ ઉપર ૨૦૦ ફૂટની ઊંચાઈએ વિજયધ્વજ લહેરાવવામાં આવશે.

આ સુવર્ણ વિજયસ્તંભ ધ્વજારોહણ ઉત્સવમાં આપ સર્વ વ્હાલા હરીભક્તોને સપરિવાર પધારવા ભાવભર્યું હાર્દિક આમંત્રણ પાઠવીએ છીએ.

**મહોત્સવ સ્થળ :- "બદ્રિકાશ્રમ"**
**શ્રી સ્વામિનારાયણ કન્યા વિદ્યા મંદિર - ભુજ**

**લી. પ.પૂ. મહંત સ.ગુ. સ્વામી ધર્મનંદનદાસજીના**
**શુભ આશીર્વાદ સહ જય શ્રી સ્વામિનારાયણ વાંચશોજી**